**પેજ નં.૨૩**

**(શરૂ–૦૩:૦૫, પુર્ણ–૦૩:૩૮)**

**ફરી સોગંદ આપ્યા...**

**વાદી હીમાંશુ ચંદુલાલ ઠકકરની આંક–૨૪૮ની સરતપાસ લગત પ્રતિવાદી નં. ૩ તરફે ઉલટ તપાસ વિ.વ.શ્રી એચ.આર.શાહ.**

(૩) એ વાતનો મને ખ્યાલ છે કે સોગંદ ઉપર ખોટી જુબાની આપવી એ ગુનો બને છે. એ વાતનો મને ખ્યાલ છે કે કોર્ટમા ખોટા દસ્તાવેજો રજુ રાખી ખોટો દાવો કરવો એ પણ ગુનો બને છે.

સવાલ:– પ્રતિવાદી નં.૩ને તમે કેવી રીતે ઓળખો છો?

જવાબ:– હું પ્રતિવાદી નં.૩નું નામ જોઈ અને કઈ રીતે ઓળખુ છુ તે કહી શકુ તેમ છુ. હું દાવાઅરજી જોઈ પ્રતિવાદી નં.૩નુ નામ જોઈ જણાવુ છુ કે પુરુષોત્તમ જગન્નાથ ભીડે, ઈન્દુમતીબેન ગીરીજાશંકર ઓઝાના કહેવાતા એકિઝકયુટર છે. મે પ્રતિવાદી નં.૩ને દાવાના કામે એકિઝકયુટર તરીકે જોડેલ છે. હું પ્રતિવાદી નં.૩ને ૨૦૦૮ના વર્ષમા મળેલ છુ.

સવાલ:– પ્રતિવાદી નં.૩ને તમે કયા કામથી મળેલ છો?

જવાબ:– દાવા અંગેની ચર્ચા કરવા માટે મળેલા.

હાલનો દાવો સને ૨૦૦૮ના વર્ષમા દાખલ કરેલ છે.

સવાલ:– તમે પુરુષોત્તમ જગન્નાથ ભીડે સાથે ચર્ચા કરી પછી દાવો દાખલ કરેલ છે?

જવાબ:– ના.

મે હાલનો દાવો હીરાવાડીની જમીનના વિવાદનો દાવો દાખલ કરેલ છે. એકિઝકયુટર

કોને કહેવાય તેની મને ખબર છે.

સવાલ:– એકિઝકયુટર કોને કહેવાય તે કોર્ટને જણાવશો?

જવાબ:– વીલના એકિઝકયુટર હોય વીલની શરતોનુ એકિઝકયુશન કરે તેને એકિઝકયુટર કહેવાય.

સવાલ:– એકિઝકયુટરને કલકતા હાઈકોર્ટે એકિઝકયુટર બનાવેલ છે તે તમારી જાણમા છે?

જવાબ:– ઈન્દુમતીબેને એકિઝકયુટર બનાવેલ છે.

સવાલ:– આંક–૧૯૦નુ બાનાખત છે તેમા પ્રતિવાદી ઈન્દુમતીબેનનો ફોટો કે સહી નથી?

જવાબ:– હું દસ્તાવેજ જોઈને કહી શકુ.

સવાલ:– આંક–૧૯૦ના બાનાખતમા તમારો ફોટો અને સહી નથી?

જવાબ:– સહી છે, ફોટો નથી.

સવાલ:– આંક–૧૯૦નુ બાનાખત સાદુ બાનાખત છે?

જવાબ:– સાદુ નથી.

એ વાત ખરી છે કે વિવાદવાળી જગ્યામા જે હળવદ ટાઉનશીપ અંગેનુ બોર્ડ મારેલ છે તેમા હિન્દુસ્તાન કોર્પોરેશનના પ્રોપરાઈટર તરીકે મારુ નામ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમુક બોર્ડમા હીમાંશુ ચંદુલાલ ઠકકર પ્રોપરાઈટર તરીકે લખેલ છે અને અમુક બોર્ડમા હીમાંશુ ચંદુલાલ ઠકકર લખેલ છે. મેઈન બોર્ડ સને ૨૦૦૬ના વર્ષમા લગાડેલ. એ વાત ખરી છે કે સને ૨૦૦૬ના વર્ષમા બોર્ડ લગાડયુ અને સને ૨૦૦૮ના વર્ષમા મે દાવો દાખલ કર્યો. પ્રતિવાદી ઈન્દુમતીબેન ઓઝા ૨૦૦૯ના વર્ષમા અવસાન પામેલ છે. એ વાત ખરી છે કે મે દાવામા દસ્તાવેજી પુરાવામા ઈન્દુમતીબેન ઓઝાના વારસાઈના પુરાવા રજુ રાખેલ છે.

સવાલ:– પ્રતિવાદી નં.૨ જગદીપ ગોપાલભાઈ બોલે કયારે ગુજરી ગયા ?

જવાબ:– પ્રતિવાદી નં.૨ જગદીપ ગોપાલભાઈ બોલે ગુજરી ગયાની જાહેરાત કોર્ટમા

S.P..C.S. 18/2018
આંક–૨૪૮નુ સાંધણ

તેમના વકીલશ્રીએ કરેલ ત્યારે જાણ થયેલી.

એ વાત ખરી છે કે તેમા મે પ્રતિવાદી નં.૨ જગદીપ ગોપાલભાઈ બોલેની વારસાઈ રજુ કરેલ નથી. મે ધોરણ–૧૨ પાસ સુધીનો અભ્યાસ કરેલ છે. સને ૨૦૦૮ના વર્ષમા હું સુરેન્દનગર ખાતે રહેતો હતો. એ વાત ખરી છે કે અત્યારે પણ હું સુરેન્દનગર ખાતે જ રહુ છુ.

સવાલ:– પ્રતિવાદી નં.૨ને તમે કેવી રીતે ઓળખો છો?

જવાબ:– અમદાવાદમા મારા ફલેટની સામે રહેતા હોવાથી ઓળખુ છુ.

સવાલ:– અમદાવાદમા તમારો ફલેટ કઈ જગ્યાએ આવેલ છે?

જવાબ:– હાલમા અમદાવાદમા મારો ફલેટ નથી.

અગાઉ મારો ફલેટ ડી–૪, પ્રાર્થનાઆલોક એપાર્ટમેન્ટસ એચ.એલ. કોલેજની બાજુમા નવરંગપુરા, અમદાવાદ ખાતે આવેલ હતો.

**આ તબકકે વધુ ઉલટ તપાસ માટે મુદત રીપોર્ટ આવતા વધુ ઉલટ તપાસ મુલતવી.**

સ્થળ:– હળવદ.
તારીખ:– ૧૯/૦૨/૨૦૨૬

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

(નિમિષા ગંગારામભાઈ સુરતી)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ, હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧